



હિંમતનગરના પોલીસ હેડ ક્વાટર્સ ખાતે ચોથી નવરાત્રીએ સુરક્ષા સેતુ સાબરકાંઠા આયોજિત સુરક્ષા રંગતાળી-૨૦૧૬માં ટ્રેડીશનલ ડ્રેસ સાથે યુવાધન હિલોળે ચડ્યું હતુ, તો બીજી તરફ જિલ્લા પોલીસ વડા પ્રવીણ માલ પોતાના સ્ટાફ સાથે ગરબે ઘુમ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં ચોથું નોરતું વરસાદે ધોઈ નાખ્યું : ખેલૈયાઓમાં ભારે નિરાશા

## આસોમાં અષાઢી માહોલ : મેઘ ઘર્જના સાથે મોડાસામાં ૩ ઇંચ વરસાદ ખાબક્યો

મેઘરજ, તા. ૫

સામાન્ય રીતે આસો માસના પ્રારંભ સાથે જ ચોમાસુ વિદાય લઈ લેતુ હોય છે. પરંતુ અરવલ્લી જિલ્લામાં આસો માસમાં અષાઢી માહોલનું પ્રભુત્વ જોવા મળી રહ્યુ છે. અરવલ્લી જિલ્લાના તમામ વિસ્તારોમાં પ્રચંડ ગાજવીજ-તોફાની પવન સાથે વરસાદ તુટી પડ્યો હતો. મંગળવારે રાત્રીના પડેલા વરસાદ અગાઉ ગાજવીજ એટલી પ્રચંડ હતી કે જિલ્લાવાસીઓ ફફડી ઉઠ્યા હતા. આ ભારે વરસાદના લીધે ચોથુ નોરતુ ધોવાઈ જતા નવરાત્રીના આયોજકોએ ગરબા અને રાસોત્સવના કાર્યક્રમ બંધ રાખવાની ફરજ પડી હતી. જિલ્લામાં ખેલૈયાઓ અને નવરાત્રીના આયોજક મેઘરાજાનુ રોદ્ર સ્વરૂપ જોઈ અચંબીત બની ગયા છે. મોડાસા શહેરમાં બુધવારે વરસાદના ઝાપટા યથાવત રહેતા પ્રજાજનો અસમંજસમાં પડી ગયા છે.



અરવલ્લી જિલ્લા તેમજ મુખ્ય મથક મોડાસા શહેરમાં છેલ્લા ૪ દિવસથી મેઘરાજાનો પડાવ છે. આસો માસમાં સતત વરસી રહેલા વરસાદથી નવરાત્રીના મહોત્સવના રંગમાં ભંગ પડ્યો છે. મંગળવારની રાત્રે મોટા ભાગના શેરી-ગરબીઓમાં માતાજીની ગરબી મુકાઈ ન હતી. આમ શેરી ગરબા સહિત નવરાત્રી ગ્રાઉન્ડોમાં નવરાત્રી બંધ રહેતા ખેલૈયાઓમાં નિરાશા વ્યાપી હતી. મોડાસા શહેર સહિત જિલ્લાભરમાં સતત વરસી રહેલા સાંબેલાધાર વરસાદે ખેલૈયાઓની મજા બગાડી દીધી છે. મોડાસા શહેરમાં મોટા પાયે ગરબાઓનું આયોજન કરનારા આયોજકો પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ધોધમાર વરસાદના પગલે ગરબા ગ્રાઉન્ડમાં પાણી ભરાઈ જવાના લીધે ગરબા રદ કરવાની ફરજ પડતા વરસાદે ચોથુ નોરતુ ધોઈ નાખવા જેવો માહોલ પેદા થયો છે. બુધવારે બપોર બાદ વરસાદે વિરામ લેતા આયોજકો દ્વારા ગરબા રમી શકાય તે માટેના પ્રયાશો શરૂ કરવામાં આવ્યા છે. જિલ્લાના મોડાસા, બાયડ, ધનસુરા, માલપુર, ભીલોડા, મેઘરજ સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો. મોડાસા શહેરમાં ૩ ઈંચ જેટલો વરસાદ ખાબકતા મોડાસાના નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાયા હતા. મોડાસાના કોલેજ રોડ પર આવેલ મખદૂમ, અમનપાર્ક સોસાયટી તેમજ બસ સ્ટેન્ડ પાછળ રામપાર્ક, વિદ્યાકુંજ સોસાયટી સહિતના વિસ્તારોમાં કેડ સમા પાણી ભરાતા શહેરીજનોના રોજીંદા જનજીવન પર અસર પડી હતી. ઉપરવાસમાં વરસાદના પગલે માઝૂમ ડેમમાં નવી પાણીની આવક થતા દસ હજાર ક્યુસેક પાણી છોડાયું હતું.



મોડાસા શહેર તેમજ જિલ્લાના નવરાત્રી આયોજકો અને ખેલૈયાઓએ માતાજીને પ્રાર્થના કરી હતી કે હવે વરસાદ ખમેયા કરે અને નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓ માતાજીના ગરબા રમી શકે.

# ધાનેરામાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ

## નવરાત્રીમાં વિઘ્ન બનતા ખેલૈયાઓમાં ભારે નારાજગી

પાલનપુર, તા. ૫

બનાસરકાંઠા જિલ્લાના ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ શરૂ થતા ધાનેરા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. તો બીજી તરફ નવરાત્રીમાં વરસાદવિઘ્ન બનતા ખેલૈયાઓના જીવ તાળવે ચોંટી ગયા છે.

ગુજરાતમાં નવરાત્રીનો રંગ જામ્યો છે, ખેલૈયાઓ મન મુકીને ગરબે રમી રહ્યા છે, ત્યારે આજે બપોરના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા તે બાદ અચાનક ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ તુટી પડતા શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ બન્યા હતા. એક કલાક સુધી વરસી રહેલા વરસાદે લોકોના જીવ અધ્ધર કરી દીધા હતા. તો બીજી તરફ વરસાદ નવરાત્રીમાં વિઘ્ન બનતા ખેલૈયાઓમાં ભારે નારાજગી જોવા મળી હતી.

# પ્રાંતિજમાં સસ્તી લોન આપવાના બહાને આઠ મહિલાઓ સાથે છેતરપીંડી

પ્રાંતિજ તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કેટલાક ચાલબાજ ચીટરો દ્વારા આઠ મહિલાઆને સસ્તી લોન આપવાના બહાને ૩૭,૦૦૦ સરકી લેવાતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ચાર ઈસમો વિરૂધ્ધ જાણવાં જોગ અમદાવાદ નવરંગ પુરા બેંકના ખાતા નંબરમાં કોઈકની જોડે ૨૫૦૦, ૩૫૦૦, ૪૫૦૦, ૫૦૦૦ જેવી રકમ અમદાવાદના ચાર ઈસમો દ્વારા તેમણા ખાતામાં મહિલાઓ પાસેથી પૈસા ભરાવી દીધા હતા અને મહિલાઓ દ્વારા ફોન મહિલાઓ સસ્તી લોનના સપનામાંથી બહાર આવી હતી અને તેમણે પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં અમદાવાદના ચાર જેટલાં ઈસમો વિરૂધ્ધ જાણવાજોગ ફરીયાદ દાખલ કરી છે અને પોલિસે ફરીયાદના આધારે તપાસ હાથ ધરી છે ત્યારે



પોલિસ ફરીયાદ થઈ છે.

પ્રાંતિજની આઠ મહિલાઓને સસ્તી લોન આપવાનાં સપના બતાવી તેમણે દિવસે તારા બતાવી તેમણી મજબુરીનો લાભ લઈ મહિલાઓને પોતાની ચાલમાં ફસાવી સસ્તી લોન આપવાનુ કહી કરતા જવાબ ન આપતાં તથા મોબાઈલ બંધ આવતાં અને અમદાવાદ ઓફિસ આપેલ સરનામે મહિલાઓ દ્વારા ઓફિસની તપાસ કરતાં આખો મામલોનો ભાંડો ફુટયો હતો અને ફોન કરતાં જવાબ ના મળતાં ફોન સીચ ઓફ આવતાં સસ્તી લોન આપવાને બહાને પ્રાંતિજની મહિલાઓ સાથે છેતરપીંડી કરતા પોલિસ ફરીયાદ થઈ જોવાનું એ રહ્યું કે શું આ ચાલબાજો પોલીસની પકડમાં આવશે કે કેમ અને આ ગરીબ મહિલાઓને ભરેલ રકમ પરત મળશે કે કેમ એ હવે જોવાનું રહ્યું.



# ડીસામાં પિસ્ટલ ગન સાથે એકની ધરપકડ

બનાસકાંઠા જિલ્લામાં એલર્ટને પગલે વાહન ચેકીંગ દરમિયાન ડિસા પોલીસે ડીસામાંથી ઓટોમેટીક પિસ્ટલ ગન સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસે આ મામલે રૂ. ૨.૮૬ લાખના મુદ્દામાલ જપ્ત કર્યા હતા અને આરોપી સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠામાં રેડ એલર્ટને પગલે પોલીસ જિલ્લાની બોર્ડર ફરતે જુદા જુદા સ્થળે નાકાબંધી કરી વાહન ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકમાં પીઆઈ જે.એમ. ચુડાસમા સહિતની ટીમ વાહન ચેકીંગ કરી રહી હતી. આ દરમિયાન શંકાસ્પદ સ્વીફટ કાર નં. જીજે-૦૧.આર.જે.૫૯૮૪ને અટકાવી ચાલકની તપાસ કરતા તેની પાસેથી ગેરકાયદેસર પિસ્ટલ મળી આવી હતી. પોલીસે વધારે તપાસ કરતા આ શખ્સ પાસેથી કાર્ટીઝ, મેગેજીન પણ મળી આવ્યા હતા. આથી પોલીસે આરોપીને તુરંત ઝડપી પાડી કાર, મોબાઈલ અને હથિયાર તેમજ કારતૂસ સહિતનો રૂ. ૨.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ ૨૪ વર્ષીય ડીસાના શખ્સ સામે ગુનો નોંધી તેની સામે વધુ ત્કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસાની માઝૂમ નદીમાં ડૂબી જવાથી મોત

અરવલ્લી જીલ્લાના મોડાસામાં આવેલ માઝૂમ નદીમાં ૪૫ વર્ષીય યુવકનું ડૂબી જતાં મોત નીપજ્યું હતું. છેલ્લા ચાર દિવસથી સતત વરસી રહેલા વરસાદના કારણે જીલ્લાના મોડાસામાં આવેલ માઝૂમ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. એ દરમ્યાન સાયરા પાસે આવેલ ડીપમાં ૪૫ વર્ષીય ઈસમ ન્હાવા પડ્યો હતો. જેનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. પોલીસ અને સ્થાનીક તરવૈયાઓની મદદથી ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢવામાં આવી હતી. ન્હાવા પડેલા ૪૫ વર્ષીય ઈસમનું ડૂબી જવાથી મોત નીપજતાં પરિવાર જનોમાં શોકની લાગણી ફેલાઈ હતી. જ્યારે મોડાસા પોલીસે મૃતદેહ બહાર કાઢી પીએમ માટે મોકલી આપી હતી.




પાલનપુર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિરની અર્લિ ચાઈલ્ડહુડ એજ્યુકેશન અંગ્રેજી માધ્યમ આંબાવાડી કેમ્પસ ખાતેની શાળામા આજરોજ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ નવરાત્રી મહોત્સવમાં શાળાનાં બાલમંદિર તેમજ ધોરણ ૧ અને ૨ નાં બાળકો દ્વારા રંગબેરંગી પોશાક ધારણ કરી માતાજીના ગરબે ઝુમી ઉઠયા હતાં. આ મહોત્સવમાં વાલીઓ દ્વારા માતાજીની આરતી માટે ડેકોરેશન કરેલી થાળીઓ પણ લઇને આવ્યાં હતાં. આ નવરાત્રિ મહોત્સવમાં શાળાના આચાર્ય દીપાબેન પંચાલ, શિક્ષક ઇલાબેન મેવાડા, દર્ષિતાબેન સહીત શાળાનાં શિક્ષક ગણ, વાલીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યાં હતાં.

# અરવલ્લી જીલ્લામાં આસોમાં અષાઢી માહોલ

## ખેતીના ઉભા પાકને નુકશાન ખેડૂતો ચિંતિત : મોડાસામાં સૌથી વધુ ૩ ઈંચ વરસાદ : અડદ, કપાસ, અને મગફળીના ખેતી પાકને નુકશાન

મોડાસા, તા.૫

અરવલ્લી જીલ્લામાં ચાર દિવસથી સતત વરસી રહેલા વરસાદના કારણે કપાસ, મગફળી અને અડદના પાકને વ્યાપક નુકસાન થયું છે. જેના કારણે ખેડૂતોને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ચોમાસાની સીઝનનો પાક નિષ્ફળ જતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે અને સરકાર પાસે સહાયની મીટ માંડીને બેઠા છે. અરવલ્લી જીલ્લાના છ તાલુકામાં છેલ્લા ચાર દિવસથી વરસાદ વરસી રહ્યો છે જેના કારણે ખેડૂતો ને ઉભા પાકમાં નુકસાન થયું છે. જેમાં કપાસ, મગફળી અને અડદનો સમાવેશ થાય છે. જીલ્લામાં મગફળીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થતું હોય છે. પણ આ વખતે મગફળીના ઉત્પાદનમાં ઘટાડો નોધાવવાની શક્યતાઓ રહેલી છે. મગફળીના વાવેતર માટે મોઘા ભાવનું બિયારણ અને ખાતર લાવીને કરવામાં આવેલા ઉત્પાદન સામે આસો મહિનામાં વરસેલા વરસાદે ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. છેલ્લા ચાર દિવસથી વરસી રહેલા વરસાદના કારણે મગફળીના પાકમાં થયેલા નુકસાનથી બચવા ખેડૂતો સરકાર પાસે સહાયની મીટ માંડીને બેઠા છે. આસોમાં અષાઢી માહોલ જામ્યો હોય તેમ છેલ્લા ચાર દિવસથી ગાજવીજ અને પવન સાથે વરસેલા વરસાદથી ખેતરોમાં કપાસના તેમજ અડદના ઉભા પાકને પણ અરવલ્લી જીલ્લામાં વ્યાપક નુકસાન થયું છે. ચોમાસાની શરૂઆતની સીઝનથી પકવવામાં આવેલા કપાસ અને અડદના પાકને હવે ઘરે લઈ જવાના સમયે વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરતાં ખેડૂતોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. તૈયાર થવા આવેલા કપાસ, અડદ અને મગફળીના પાકની ખેડૂતો લણણી કરવા લાગ્યા છે. ત્યારે સતત વરસી રહેલા વરસાદના કારણે ખેતરોમાં વરસાદના પાણી પડતાં આ પાકમાં ખેડૂતોને વ્યાપક નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. જેથી ખેડૂતો ચોમાસાની સીઝનની પૂર્ણતાના આરે અરવલ્લી જીલ્લામાં વરસેલા તોફાની વરસાદથી ખેતીના ઉભા પાકને થયેલા નુકસાનથી ખેડૂતોને વ્યાપક નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. મગફળી, કપાસ, અને અડદનું મોઘાદાટ બિયારણો અને ખાતર લાવી કરવામાંઆવેલા વાવેતરનો સોથ વળી જતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે. અને નુકસાનને પહોચી વળવા સરકાર સર્વે કરાવી ખેડૂતોને સહાય કરે તો ખેડૂતો બે પાંદડે થાય.

